**રે.દિ.મુ.નંબર : ૨૨/૨૦૧૯**

## – :: <u>આંક–૫ ની અરજી હેઠળ હુકમ</u> :: –

**૧.** આ કામના વાદીઓએ આંક–૦૫ ની વચગાળાના મનાઈ હુકમની અરજી દાખલ કરેલી છે જેની ટુંકમાં હકીકતો નીચે મુજબની છે.

વાદીનુ કથન છે કે, રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી તાલુકાના ગામ વેરાવળના રે.સ.નં.૨૦૭ પૈકીની બીન ખેડવાણ જમીનના પ્લોટ નં.૨ ની જમીન ચો.મી.આ.૮૬૮–૯૨,ચો.વા.આ.૧૦૩૯–૨ વાદીના પતિ/પિતા ધર્મેન્દ્રસિંહ મુળુભા ઝાલાએ તેમના જોગના રજી.વે.દ.અનુ.નં.૨૦૨૩,તા.૦૩/૦૭/૧૯૮૯ ના રોજથી ઈન્દ્રસિંહ પ્રતાપસિંહ જાડેજા પાસેથી ખરીદ કરેલ ત્યારથી સદરહું જમીન વાદીના પતિ/પિતાની સ્વતંત્ર માલીકી,કબ્જા, ભોગવટાની આવેલ.

ત્યારબાદ વાદીના પતિ/પિતા ધર્મેન્દ્રસિંહ મુળુભા ઝાલાનું તા.૦૪/૦૯/૧૯૯૨ ના રોજ અવસાન થયેલ છે અને વાદીઓ ગુજ.ધર્મેન્દ્રસિંહ મુળુભા ઝાલાના સીધી લીટીના વારસદારો છીએ અને વાદીઓ સિવાય ધર્મેન્દ્રસિંહ મુળુભા ઝાલાના અન્ય કોઈ સીધીલીટીના વારસદારો નથી.

વાદીના પતિ/પિતા ધર્મેન્દ્રસિંહ મુળુભા ઝાલા રાજકોટ જીલ્લાના કોટડાસાંગાણી તાલુકાના ગામ વેરાવળના રે.સ.નં.૨૦૭ પૈકીની બીનખેડવાણ જમીનના પ્લોટ નં.૨ ની જમીન ચો.મી.આ.૮૬૮–૯૨, ચો.વા.આ.૧૦૩૯–૨ ધરાવતા હતા તેથી તેમના અવસાન બાદ સદરહુ જમીનના હિન્દુ વારસાધારા મુજબ વાદીઓ સંયુકત માલીક,કબ્જેદાર અને ભોગવટેદાર છીએ.વાદીના પતિ/પિતા ધર્મેન્દ્રસિંહ મુળુભા ઝાલાએ દાવાવાળી જમીન ખરીદ કરેલ તે અંગેનો તેમના જોગના રજી.વે.દ.અનુ.નં.૨૦૨૩, તા.૦૩/૦૭/૧૯૮૯ ખુટતી સ્ટેમ્પ ડયુટી અર્થે એટલે કે બોમ્બે સ્ટેમ્પ એકટની કલમ ૩૨–ક ની કાર્યવાહી અર્થે નાયબ કલેકટર સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન કચેરી, રાજકોટ ખાતે પેન્ડીંગ હતો તે દરમિયાન વાદીના પતિ/પિતાનું અવસાન થયેલ ત્યારબાદ આ દસ્તાવેજની ખુટતી સ્ટેમ્પ ડયુટી અંગેની નોટીસ વાદીઓને મળતા વાદીઓએ દસ્તાવેજની ખુટતી સ્ટેમ્પ ડયુટી ભરપાઈ કરી અસલ દસ્તાવેજ છોડાવવા અંગેની કાર્યવાહી હાથ ધરેલ અને તે દરમ્યાન અમો વાદીએ જમીનની રેવન્યુ રેકર્ડના નકલો કઢાવતા પ્રતિવાદી નં.૧ એટલે કે ચંદુભાઈ ખોડાભાઈ વસાણીએ દાવાવાળી જમીન વાદીના પતિ/પિતા ધર્મેન્દ્રસિંહ મુળુભા

ઝાલાના  કુલમુખત્યાર દરજ્જે પ્રતિવાદી નં.૨ થી ૫ એટલે સ્વરાજ ઈન્ડસ્ટ્રીઝના ભાગીદારો ચંદુભાઈ ખોડાભાઈ વસાણી વિગેરે જોગ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૮૮૧, તા.૩૧ /૦૩/૧૯૯૫ ના રોજનો કરી આપેલ હોવાનું વાદીના ધ્યાનમાં આવેલ. આમ, સૌપ્રથમ આ દાવો લાવવાનું કારણ ઉત્પન્ન થયેલ.

વાદીના પતિ/પિતા ગુજ.ધર્મેન્દ્રસિંહ મુળુભા ઝાલાએ તેમની હયાતી દરમ્યાન દાવાવાળી જમીન કોઇ વ્યકિતને વેચાણ આપેલ નથી કે વેચાણ આપવા કોઈ કરાર કરેલ નથી કે અવેજની કોઈ રકમ પણ મેળવેલ નથી. વાદીના ગુજ.પતિ/પિતા ધર્મેન્દ્રસિંહ મુળુભા ઝાલાએ તેમની હયાતી દરમ્યાન દાવાવાળી જમીન અંગે વેચાણ, વ્યવહાર વિગેરે કરવા કુલમુખત્યારની નિમણુક કરવાની કોઇ જરૂરીયાત ઉપસ્થિત થયેલ નથી. તેમજ વાદીના પતિ/પિતાએ પ્રતિવાદી નં.૧ એટલ ે કે શંભુભાઇ કેશવજીભાઇ પટેલને મુખત્યાર તરીકે નિયુકત કરેલ નથી અને આ રીતે વાદીના પતિ/પિતા ગુજ.ધર્મેન્દ્રસિંહ મુળુભા ઝાલાએ દાવાવાળી જમીન અંગે કયારેય કોઈ વ્યકિતને કુલમુખત્યારનામુ આપેલ નથી કે કુલમુખત્યાર તરીકે નીમેલ નથી તેમ છતા પ્રતિવાદી નં.૧ એટલે કે શંભુભાઇ કેશવજીભાઇ પટેલે વાદીના પતિ/પિતા ધર્મેન્દ્રસિંહ મુળુભા ઝાલાની માલીકીની દાવાવાળી જમીન અંગે બોગસ અને બનાવટી મુખત્યારનામું પોતાની તરફેણમાં ઉભું કરી તે કુલમુખત્યારનામાના આધારે પ્રતિવાદી નં.૨ થી ૫ જોગ બોગસ અને બનાવટી વેચાણ દસ્તાવેજ ઉભો કરેલ છે જે વેચાણ દસ્તાવેજ નલ એન્ડ વોઈડ હોય અમો વાદીઓને બંધનકર્તા નથી.

વાદીના પતિ/પિતાની જમીન અંગે પ્રતિવાદી નં.૧ એ પોતાની તરફેણમાં ઉભું કરેલ બોગસ અને બનાવટી કુલમુખત્યારનામું જોવામાં આવે તો તે કુલમુખત્યારનામા વાદીના પતિ/પિતા ધર્મેન્દ્રસિંહ મુળુભા ઝાલાની સહી નથી કે તેઓ નોટરી પી.એન.સોનેજી પાસે ગયેલ નથી કે નોટરી પી.એન.સોનેજીના ચોપડામાં પણ તેઓની સહી નથી તેમજ બોગસ અને બનાવટી મુખત્યારનામામાં ઓળખ આપનાર સ્ટેમ્પ વેન્ડર અને બોન્ડ રાઈટર એન.વી.નિમાવતને પણ ઓળખતા ન હતા. વિશેષમાં દાવાવાળી જમીનના ઉતરોતર દસ્તાવેજ સહીતની અસલ ફાઈલ પણ પ્રથમથી જ વાદી પાસે છે અને હાલમાં પણ વાદી પાસે છે તે પરથી જ સ્પષ્ટ થાય છે કે,વાદીના પતિ/પિતાએ સદરહું જમીન કયારેય વેચાણ આપેલ નથી કે વેચાણ આપવા કયારેય મુખત્યારનામુ આપેલ નથી અને જો વાદીના પતિ/પિતાએ દાવાવાળી જમીન વેચાણ આપેલ હોય તો ઉતરોતર

અસલ દસ્તાવેજો સહીતની ફાઈલ વેચાણ દસ્તાવેજ વખતે પ્રતિવાદીઓને સોંપી આપેલ હોય. આમ, પ્રથમ દ્રષ્ટિએ જ પ્રતિવાદી નં.૧ એટલે કે શંભુભાઈ કેશવજીભાઈ પટેલે બોગસ અને બનાવટી મુખત્યારનામામાં આધારે પ્રતિવાદી નં.ર થી ૫ જોગ વેચાણ દસ્તાવેજ ઉભો કરેલ છે જે અમો વાદી કે વાદીના પતિ/પિતાને બંધનકર્તા નથી.

વાદી પ્રતિવાદી નં.૧ જોગનું મુખત્યારનામું કબુલ કરતા નથી તેમ છતાં પ્રતિવાદી નં.૧ શંભુભાઈ કેશવજીભાઈ પટેલે તા.ર૧/૧ર/૧૯૯૦ ના રોજ તેમના નામનું બોગસ અને બનાવટી મુખત્યારનામું ઉભુ કરેલ છે. વાદીના પતિ/પિતાનું તા.૦૪/૦૯/૧૯૯ર ના રોજ અવસાન થયેલ છે અને પ્રતિવાદી નં.૧ એ કુલમુખત્યારનામાના આધારે પ્રતિવાદી નં.ર થી ૫ જોગ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૮૮૧,તા.૩૧/૦૩/૧૯૯૫ ના રોજથી વેચાણ આપેલ. આમ, કાયદા મુજબ પણ પ્રતિવાદી નં.૧ જોગનું કુલમુખત્યારનામું વાદીના પતિ/પિતાના અવસાન થવાથી આપો–આપ રદબાતલ થાય છે. અને વાદીના પતિ/પિતાના અવસાન સમયેથી જ તે કુલમુખત્યારનામું આપો–આપ અસ્તીત્વમાં રહેતુ નથી એટલે કે રદ થાય છે. આમ, કાયદા મુજબ પણ પ્રતિવાદી નં.૧ શંભુભાઈ કેશવજીભાઈ પટેલ મુખત્યારનામાના આધારે પ્રતિવાદી નં.ર થી ૫ જોગ વેચાણ દસ્તાવેજ કરી શકે નહી તેથી પણ પ્રતિવાદી નં.૧ જોગનું મુખત્યારનામું તથા તેના આધારે થયેલ દસ્તાવેજની કાયદા મુજબ કોઈ વેલ્યુ રહેતી નથી અને આ મુખત્યારનામું તથા દસ્તાવેજ વાદીને બંધનકર્તા નથી તેથી પ્રતિવાદી નં. ર થી ૫ જોગનો વેચાણ દસ્તાવેજ નલ એન્ડ વોઈડ હોય રદ થવાને પાત્ર છે. વાદીના પતિ/પિતા પ્રતિવાદી નં.૧ શંભુભાઈ કેશવજીભાઈ પટેલને જોવાથી ઓળખતા નથી કે તેમના જોગ કોઈ મુખત્યારનામું આપેલ નથી. અમો વાદીઓને કે ગુજ. પતિ/પિતાને પ્રતિવાદી નં.૧ સાથે કોઈ સંબંધ નથી કે પ્રતિવાદી નં.૧ અમારા જ્ઞાતિના નથી કે અમારા સગા થતા નથી તેથી વાદીના પતિ/પિતાને કુલમુખત્યારનામુ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી. વિશેષમાં દાવાવાળી જમીન વાદીના પતિ/પિતાને કયારેય વેચાણ કરવાની ન હોય તેથી મુખત્યારનામું આપવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ નથી તેથી પણ પ્રતિ. નં.૧ એ બોગસ અને બનાવટી મુખત્યારનામું ઉભુ કરેલ છે અને તેના આધારે પ્રતિ.નં.ર થી ૫ જોગ દસ્તાવેજ ઉભો કરેલ છે તેથી આ દસ્તાવેજ વાદીઓને બંધનકર્તા નથી અને રદ થવાને પાત્ર છે.

રાજકોટ જીલ્લાના કોટડાસાંગાણી તાલુકાના ગામ વેરાવળ રે.સ.નં.ર૦૭ પૈકીની બીનખેડવાણ જમીનના પ્લોટ નં.ર જમીન ચો.મી.આ.૮૬૮–૯ર,ચો.વા.આ.૧૦૩૯–ર અમો

વાદીના પતિ/પિતા ધર્મેન્દ્રસિંહ મુળુભા ઝાલાએ તેમના જોગના રજી.વે.દ.અનુ.નં.૨૦૨૩, તા.૦૩/૦૭/૧૯૮૯ ના રોજથી ઈન્દ્રસિંહ પ્રતાપસિંહ જાડેજા પાસેથી ખરીદ કરેલ તે દસ્તાવેજ–૩૨(ક) ની કાર્યવાહી અર્થે પેન્ડીંગ હોય તેનો ગેરલાભ ઉઠાવી વાદીના પતિ/પિતાના નામ જોગનું આ કામના પ્રતિ.નં.૧ એ બોગસ અને બનાવટી મુખત્યારનામું પોતાની તરફેણમાં ઉભું કરેલ અને તે મુખત્યારનામાના આધારે પ્રતિવાદી નં. ૨ થી ૫ જોગ વેચાણ દસ્તાવેજ કરી આપેલ હોય તે મુખત્યારનામું તથા વેચાણ દસ્તાવેજ રદ થવાને પાત્ર છે તેમજ વિશેષમાં પ્રતિ. નં. ૨ થી ૫ પણ શુધ્ધબુધ્ધીના ખરીદનાર નથી કારણ કે તેઓ પાસે પ્રતિવાદી નં.૧ ના નામનું અસલ મુખત્યારનામુ નથી તે ઉપરાંત વાદીના પતિ/પિતા જોગના અસલ દસ્તાવેજ તથા ઉતરોતર ફાઈલ પણ નથી. આમ,પ્રતિવાદી નં.૨ થી ૫ શુધ્ધ બુધ્ધીના ખરીદનાર નથી.

ઉપરોકત વિગતે દાવાવાળી જમીનની માલીકી, કબ્જા, ભોગવટો અમો વાદીઓનો હોય તેમ છતાં પ્રતિવાદીઓ કહેવાતા વેચાણ દસ્તાવેજ તેમજ રેવન્યુ રેકર્ડના આધારે દાવાવાળી જમીન વેચાણ કરે તેવી પુરેપુરી શકયતા હોય અમો વાદીનો મજબુત પ્રાથમિક કેસ છે, પ્રતિવાદી નં.૧ એ અમો વાદીના ગુજ.પિતાની જમીનનું બારોબાર બોગસ અને બનાવટી કુલમુખત્યારનામું ઉભું કરી તેના આધારે પ્રતિ. નં.૨ થી ૪ જોગનો વેચાણ દસ્તાવેજ ઉભો કરેલ તે રીતે પણ પ્ર તિવાદીને દાવામાં કોઈ બચાવ નથી. જો માંગ્યા મુજબનો મનાઈહુકમ આપવામાં ન આવે તો પ્ર તિવાદી દાવાવાળી મિલ્કત કહેવાતા દસ્તાવેજના આધારે અન્ય કોઈ વ્યકિતને વેચાણ કરી નાખે તેમ છે. તેમ થવાથી અમો વાદીને મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીંડીંગ્સન સામનો કરવો પડે તેમ છે.તેમજ થર્ડ પાર્ટી ઈન્ટરેસ્ટ ઉભું થાય તેમ છે. અને જો તેમ થાય તો અમોને નાણામાં વળતર ન મળી શકે તેવું નુકશાન જાય તેમ છે.જયારે માંગ્યા મુજબનો મનાઈહુકમ આપવામાં આવે તો પ્ર તિવાદીને કોઈ નુકશાન જાય તેમ નથી, તે રીતે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તથા ઈરરીપેરેબલ લોસના તત્વો અમો વાદીની તરફેણમાં છે. તેમજ સગવડતા અગવડતાનું પલ્લુ અમો વાદીની તરફેણમાં છે. તેમ જણાવી દાવાવાળી જમીન આ કામના પ્રતિવાદીઓ જાતે કે તેમના મુખત્યારકે એજન્ટ અન્ય કોઈને વેચાણ,ગીરો, બોજો,બક્ષીસ,વહેંચણી કે અન્ય રીતે ટ્રાન્સફર, એસાઈન કરે–કરાવે નહી કે દાવાવાળી જમીન અંગે અન્ય કોઈ વ્યકિતના નામે વેચાણ દસ્તાવેજો કરે કરાવે નહી તેવો દાવાના આખરી નિકાલ સુધી કામચલાઉ મનાઈ હુકમ આપવા તથા દાવાવાળી જમીન અમો વાદીની માલીકી, કબ્જા, ભોગવટાની હોય તેમાં આ કામના પ્રતિવાદીઓ

જાતે કે તેમના મુખત્યાર કે એજન્ટ મારફત પ્રવેશ કરે–કરાવે નહી કે અમારા કબ્જા,ભોગવટામાં અડચણ–અંતરાય કરે કરાવે નહી તેવો દાવાના આખરી નિકાલ સુધી કામચલાઉ મનાઈ હુકમ આપવા નમ્ર અરજ કરેલ છે.

**૨.** આ કામે વાદીની આંક–૫ ની મનાઈ અરજી સંબંધે પ્રતિવાદીઓને નોટીશ કરતા આ કામનાં પ્રતિવાદી નં.૧ નાએ મનાઈઅરજી વિરુધ્ધ આંક–૯ થી પોતાનો લેખીત જવાબ રજુ કરેલ છે, જેમા મુખ્યત્વે જણાવેલ છે કે, પારા નં.૨ ની હકીકતે આ જમીન સ્વ.શ્રી ધર્મેન્દ્રસિંહજીના કબજા ભોગવટામાં હોવાની હકીકત ખરી છે. ત્યારબાદ આ જમીનની સંપુર્ણ માલીકી–કબ્જા ભોગવટો પ્રતિવાદી નં.૧ પાસે તા.૩૧/૦૩/૧૯૯૫ સુધી હતો. અને ત્યારબાદ આ જમીનની સંપુર્ણ માલીકી–કબ્જો ભોગવટો આજદિન સુધી પ્રતિવાદીઓ નં.૨ થી ૬ ના પાસે જ છે. અરજી પારા નં.૩ ની હકીકતો અમોને કોઇ જાણ નથી. સ્વ.ધર્મેન્દ્રસિંહજીએ આ જમીન અમોને તા.૨૧–૧૨–૧૯૯૦ ના રોજ વેચાણ આપેલ હોવાથી તેના કોઈ વારસદારો તેના માલીકો નથી. વાદીઓની કબ્જા–ભોગવટાની પણ હકીકત ખરી નથી. કારણ કે, જમીન પ્રતિવાદી નં.૨ થી ૬ નાને વેચાણ દસ્તાવેજ નં.૮૮૧ તા.૩૧–૦૩–૧૯૯૫ થી વેચાણ કરતાં તેમની માલીકીની કબ્જાની તથા ભોગવટાની છે. પ્રતિવાદી નં. ૨ થી ૬ ના આ જમીન ઉપર સને–૧૯૯૫ ના અરસાથી ફેકટરી ઉભેલી છે અને તેમાં આજદિન સુધી મશીન–પાર્ટસનું ઉત્પાદન થાય છે. વાદીઓને આ દાવાની જમીન કયાં છે કે કઇ સ્થિતિમાં છે તે જોઇ લાગતી નથી. અથવા તો કોઈ બીજા ઈરાદાથી આ જમીન તેમના કબ્જા–ભોગવટામાં છે તેવું સોગંદ ઉપર ખોટું બોલે છે કબ્જો ભોગવટો સાબિત કરવા માટે કોઈ પુરાવો રજુ કરતાં નથી, જે ધ્યાને લેવા અરજ છે. સ્વ.ધર્મેન્દ્રસિંહજીએ ખરીદ કર્યાનો દસ્તાવેજ નં.૨૦૨૩ તા.૦૩/૦૭/૮૯ નો ખુટતી સ્ટેમ્પ ડયુટી માટે ૩૨ 'ક' ગયેલ હતો. અને તેની નોટીસ સ્વ.ધર્મેન્દ્રસિંહજી તથા અમોને જે તે સમયે મળી હતી. આ નોટીસના જવાબમાં અમોએ ૩૨ 'ક' ના કેસમાં ખુટતી સ્ટેમ્પ ડયુટીની રકમ+ ૨૫૦ રૂા.દંડ રાજકોટની સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રની શાખામાં રૂા.૧૨૯૦–૦૦ કેસ નં.૨૯૦૬ થી તા.૧૯–૦૮–૯૩ ના રોજ ભરી આપેલ હતાં.પરંતુ દસ્તાવેજ લેવા જઇ શકયા નહોતાં. પ્રતિવાદી નં.૨ થી ૬ નાને આ જમીન વેચાણ કરતાં અને દસ્તાવેજ નં.૮૮૧ તા.૩૧–૦૩–૧૯૯૫ ના રોજ કરી આપતાં સમયે આ પહોંચ આપીને જુનો દસ્તાવેજ ૩૨ 'ક' માંથી મેળવવા માટે જાણ કરેલ

હતી. તેથી પ્રતિવાદી નં. ૨ થી ૭ ના ખાતે ગ્રામ પંચાયતમાં, અન્ય કચેરીમાં–બેંકોમાં વગેરે કચેરીઓમાં આ જમીન કાયદેસર રીતે તેમના નામે ખાતે આજદિન સુધી નોંધાયેલી છે. સ્વ.ધર્મેન્દ્રસિંહજી પાસેથી આ જમીન પુરતી કિંમતનો અવેજ આપીને ખરીદેલ હતી. પરંતુ સ્વ.ધર્મેન્દ્રસિંહજીએ તેમનો ખરીદ દસ્તાવેજ નં.૨૦૨૩–૩૨ 'ક' માં ગયેલ હોવાથી તેમજ તેઓ અમોને દસ્તાવેજ કરી આપે તો હાલમાં મારે સગાઓને ભાગ આપવો પડે તેવું જણાવીને દસ્તાવેજ બાકી પેંન્ડીગ રાખેલ હતો અને જમીનની પુરતી કિંમત રૂા.૩૬,૩૭૨–૦૦ પુરા ચુકતે મેળવીને પહોંચ લખી આપેલ છે. પુરતી રકમ આપ્યા બાદ હાલમાં વેચાણ દસ્તાવેજ ન કરવો તેવું નકકી થતાં જે તે સમયના જમીનના લે–વેંચના રીવાજ મુજબ કુલ મુખત્યારનામું માંગતા સ્વ.ધર્મેન્દ્રસિંહજીએ લખી આપેલ છે. સ્વ.ધર્મેન્દ્રસિંહજીઅુ ચુકતે અવેજ મળી જતાં પહોંચ લખવા માટે સહમતી આપતા મારા આ જમીનના ભાગીદાર ગોવિંદભાઈ નાનજીભાઇ પટેલે–જીલ્લા તિજોરી કચેરી,રાજકોટના કમ્પાઉન્ડમાં બેસતા સ્ટેમ્પ વેન્ડર અને બોન્ડ રાઇટરશ્રી પાસેથી તા.૧૮–૧૨–૯૦ ના રોજ ખરીદીને તેમાં પહોંચ ટાઈપ કરી આપવા જણાવેલ હતું. ત્યારબાદ ૨૧–૧૨–૧૯૯૦ ના રોજ સ્વ. ધર્મેન્દ્રસિંહજીએ રૂબરૂ આવીને આ પહોંચમાં સહી કરી આપેલ હતી. અને સ્ટેમ્પ વેન્ડર તથા અમારો સોદો કરાવનાર દલાલની સાક્ષીમાં સહી કરાવી આપેલ હતી. તેમજ સ્વ. ધર્મેન્દ્રસિંહજીએ કુલમુખત્યારનામામાં પોતાના નામનો સ્ટેમ્પ ખરીદી લ ેવા અને ઈરીવોકેબલ પાવર ઓફ એટર્ની ટાઈપ કરાવવાનું કહેતાં તા.૧૮–૧૨–૯૦ ના રોજ સ ્ટેમ્પ વેન્ડર એમ.વી.નિમાવત પાસેથી રૂા.૫૦–૦૦ સ્ટેમ્પ ખરીદી તેની ઉપર નિમાવતભાઈએ ટાઈપ કરી આપતાં તા.૨૧–૧૨–૧૯૯૦ ના રોજ તેમાં સ્વ. ધર્મેન્દ્રસિંહજીએ સહી કરી આપીને તેમાં પણ નિમાવતભાઇ તથા દલાલની સાક્ષીમાં સહી કરાવી આપેલ હતી. અને નિમાવતભાઈની હાજરીમાં તથા ઓળખથી આ કુલમુખત્યારનામું નોટરી શ્રી પી.એન.સોનેજી પાસે નોંધાવી–નોટરીરાઇઝડ કરાવી આપેલ હતું.જેથી જમીનના માલીક દરજજે પ્રતિવાદી નં.૨ થી ૬ નાને વેચાણ કરેલ છે. વેચાણ દસ્તાવેજ નં.૮૮૧ તા.૩૦–૦૬–૯૫ થયા બાદ આ બાબતને ૨૫ વર્ષ જેટલો સમય વીતી ગયેલ છે જેથી આ દાવો મુદત બહાર છે. આમ છતાં દાવો મુદતમાં લાવવા માટે ૩૨ 'ક' ની નોટીસનો ઉપયોગ થતો હોય તેમ લાગે છે. જે નામદાર કોર્ટે ધ્યાનમાં લેવા અરજ છે. વાદીના દાવામાં પેરા નં.૬ ના નીચે મુજબની વિગતે ઈન્કાર કરવામાં આવે છે. મોટાભાગના વાદીઓ આ વ્યવહાર સમયે સગીર હોય જેથી

તેને જાણ ન હોય કે સ્વ.ધર્મેન્દ્રસિંહજીએ તેમને જાણ ન કરી હોય. સ્વ. ધર્મેન્દ્રસિંહજી પોતાની મિલ્કત વેચાણ માટે વારસદારોને પુછવા કે મંજુરી લેવાની જરૂર ન લાગી હોય તેથી વાદીઓને જાણ હોય નહી. એટલે કે આ વ્યવહાર સ્વ.ધર્મેન્દ્રસિંહજીએ અમારી સાથે કરેલો છે અને કાયદેસરનો છે. વ્યકિતના વારસદારોને જાણ ન હોય તો કાંઈ જે તે વ્યકિતએ કરેલ કૃત્ય ગેરકાયદેસર ઠરતું નથી. દાવાના પારા નં.૭ નો ઈન્કાર કરવામાં આવે છે. કારણ કે, પહોંચ કે પાવર ઓફ એટર્ની સાચા છે. સ્ટેમ્પ ખરીદયા છે સહીઓ થઈ છે. સાક્ષીઓની સહીઓ થઈ છે. નોટરી પાસે નોંધાયેલ છે. આ બધુ ખોટુ કેવી રીતે હોઈ શકે વાદીઓએ આ બધુ ખોટું છે. તેવા કોઈ પુરાવાઓ દાવા તથા મનાઈ હુકમની અરજી સાથે જોડાયા નથી. માત્ર દાવાનું કારણ ઉભું કરવા માટે આ વાતો મૌખિક કહેવામાં આવે છે. નામદાર કોર્ટે ધ્યાને લેવા અરજ છે. કુલમુખત્યારનામું સ્વ.શ્રી ધર્મેન્દ્રસિંહજીએ કબુલ ના કબુલ કરવાનું હોય, તેના વારસદારોએ વેચાણ વ્યવહાર થઈ ગયા પછી આશરે ૨૫ વર્ષ પછી કબુલ જ કરવાનો હોય, ના–કબુલ કરી શકે નહી. વાદીઓ પુરાવા વગર ખોટા આક્ષેપો કરે છે. નામદાર કોર્ટ ખોટા દસ્તાવેજ ઉભા કર્યા છે તેવા વાદીઓ પાસે પુરાવાઓ રજુ કરાવવા હુકમ થવા નમ્ર અરજ છે. મિલ્કતનો વહીવટ કરવા માટે નહી પરંતુ પુરતો અવેજ ચુકવીને, વાદીના પતિ/પિતાએ પહોંચ આપીને, દસ્તાવેજ કરવો પેંન્ડીગ રાખતા અમોએ કુલમુખત્યાર લીધેલ છે. જે ધ્યાને લેવા અરજ છે. કોઈ વ્યકિતએ કરેલો વેચાણ વ્યવહાર વારસદારોને કાયદા મુજબ બંધનકર્તા છે. વળી, સ્વ.ધર્મેન્દ્રસિંહજીની પહોંચ તથા કુલમુખત્યારનામું આપતાં સમયે માત્ર ૩૮ વર્ષના હતા, અને તંદુરસ્ત હતા અને તેમણે જે તે સમયે લે–વેચ કરવાના રિવાજ મુજબ જમીનની કિંમત મેળવીને કુલમુખત્યારનામું આપેલ હતું. અને તે પણ અમારી પાસેથી પુરી કિંમતનો અવેજ લઈને આપેલ હતું. અમોએ ધર્મેન્દ્રસિંહજીને જમીનનો કિંમતનો પુરતો અવેજ ચુકવીને પહોંચ મેળવી લીધેલ હોવાથી અમારે અમારા વેચાણ–વ્યવહારમાં તેમની હાજરીની કોઈ જરૂર નહોતી કે તેમનો કોઈ રોલ પણ નહોતો તે બાબત ધ્યાનમાં લેવા અરજ છે.

કોઈ વેચાણ–વ્યવહાર વગેરેમાં બન્ને પક્ષકારો સગા–સંબંધી હોવા જરૂરી નથી. સોદો કિંમતથી થતો હોય છે.ઉપર દર્શાવ્યા મુજબ પુરતો અવેજ ચુકવીને આ જમીન ખરીદી છે. વાદીના પિતા/પતિએ દસ્તાવેજ બાકી રાખતાં તેને બદલે કુલમુખત્યારનામું આપેલ છે. કોઈ પણ વ્યકિતએ કરેલ વેચાણ વ્યવહારમાં (સગીરો ભાગીદાર ન હોય તો) તેમના વારસદારોને બંધનકર્તા

છે. તેવી કાયદાની જોગવાઈ ધ્યાને લેવા અરજ છે.

અમો શુધ્ધબુધ્ધિના ખરીદનાર તથા વેચનાર છીએ.૩૨ 'ક' નો દસ્તાવેજ પાછો મેળવી સ્વ.ધર્મેન્દ્રસિંહજીએ કે તેમનાં વારસદારોએ અમોને સોંપી આપવાનો હોય છે. જે દસ્તાવેજ પાછો મેળવી સ્વ.ધર્મેન્દ્રસિંહજીએ કે તેમનાં વારસદારોએ અમોને સોંપી આપવાનો હોય છે. જે દસ્તાવેજ વાદીઓએ ગેરકાયદેસર પોતાના કબ્જામાં રાખેલ હોય શકે છે. અમારી પાસેથી આ જમીન ખરીદનાર પ્રતિવાદી નં.ર થી ૬ નાએ બેંકમાં લોન લેતી ટાઈટલ કલીયર રીપોર્ટ માટે દસ્તાવેજ નં.ર૦ર૩ અમારા કબ્જામાં નહી હોવાથી જાહેર નોટીસ છાપાઓમાં તા.૦૧–૧ર–ર૦૧૧ ના રોજ આપેલ હતી તેમાં વાદીઓએ કોઈ હકક દાવો રજુ કરેલ નથી કે નોટીસ વાંચીને જો તેમની પાસે આ દસ્તાવેજ હોય તો અમોને સોંપેલ નથી, જે નામદાર કોર્ટે ધ્યાનમાં લેવા અરજ છે. કોઈ દસ્તાવેજ કોઈના ગેરકાયદેસરના કબ્જામાં હોય તેથી તેના માત્રથી તે વ્યકિત માલીક થઈ જતો નથી. જે ધ્યાને લેવા વિનંતી છે. પ્રતિવાદી નં. ર થી ૬ ને અમોએ અસલ કુલમુખત્યારનામું તથા અસલ પહોંચ સોંપી આપેલ છે. વાદીઓએ અમારી સામે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ અરજી પણ કરેલી છે. જેની તપાસ ચાલુ છે. વાદીને આ જમીન વેચાણની જાણ કયારે થઈ તેની સાથે અમારે લ ેવા દેવા નથી. વચગાળાના મનાઈ હુકમની અરજીના પારા નં.૧૩ ના જવાબમાં જણાવવાનું કે, અમો પ્રતિવાદી નં.૧ ના વાદીઓના પતિ/પિતા પાસેથી કાયદેસરનો અવેજ આપી જમીનની કિંમત રૂા.૩૬,૩૭ર/– ચુકવી, પહોંચ મેળવી પ્રમાણીક ખરીદનાર છીએ. બોગસ વ્યવહાર હોવાની હકીકત ખરી નથી. જેથી વચગાળાનો કોઈ હુકમ નહી ફરમાવવા અરજ છે.

આ જમીન વાદીઓના કબ્જા–ભોગવટામાં હોવાની વાત પણ ખરી નથી, કારણકે સને–૧૯૯પ અરસાથી જ આ જમીન ઉપર પ્રતિવાદી નં.ર થી ૬ નાનું કારખાનું ચાલુ છે જમીન ઉપર પ્રતિવાદી નં.ર થી ૬ નાનું કારખાનું ચાલુ છે અને આજસુધી ઉત્પાદન ચાલુ છે તેથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીઓની તરફેણમાં નથી ઉલ્ટાનું અમો પ્રતિવાદીઓની તરફેણમાં છે. જે ધ્યાને લેવા અરજ છે. વળી છેલ્લા આશરે ર૩–રપ વર્ષથી આ કારખાનું ચાલુ હોવાથી તેમનું મુડી રોકાણ કાચો–માલ–સ્ટોક વગેરેના રોજબરોજના પ્રતિવાદીઓને ઈરીપેરેબલ લોસ થવા સંભવ છે. તેમજ પ્રતિવાદીઓને પારવાર નુકશાન જાય તેમ છે. જે ધ્યાને લેવા અરજ છે.

વધુમાં પ્રતિવાદી જણાવે છે કે, પ્રતિવાદી નં.ર થી ૬ નાનું જમીનમાં હાલમાં કારખાનું ઉભું છે. ઉત્પાદન થાય છે અને નજીકના ભવિષ્યમાં વેંચાણ ટ્રાન્સફર થવાનો સવાલ જ નહી હોવાથી

તેમજ વાદીઓએ પોતાના કબ્જા–ભોગવટાનો કોઈ આધાર પુરાવો રજુ કરેલ નહી હોવાથી વચગાળાનો હુકમ નહી ફરમાવવા નમ્ર અરજ છે.

વધુમાં પ્રતિવાદી જણાવે છે કે વાદીઓએ અમારી સાથે ફરીયાદ અરજી પણ કરેલ છે. તપાસ ચાલુ છે. વાદીઓ એક સાથે બે રેમેડી લઈ શકે નહી તેથી મનાઈ હુકમ નહી આપવા અરજ છે. તથા ખોટા દાવા બાબત અમોને ખર્ચ ખોટીપો અપાવવા અરજ છે.

૩. ત્યારબાદ આ કામે વાદીની આંક–પ ની મનાઈ અરજી સંબંધે પ્રતિવાદીઓને નોટીશ કરતા આ કામનાં પ્રતિવાદી નં.ર થી ૬ના વતી પ્રતિવાદી નં.૪ નો અરજી વિરુધ્ધ આંક–૧૩ થી પોતાનો લેખીત જવાબ રજુ કરેલ છે, જેમા મુખ્યત્વે જણાવેલ છે કે, પારા નં. ર ની હકીકત અર્ધી ખરી છે, વાદીઓના પતિ/પિતાનો તા.ર૧–૧ર–૧૯૯૦ સુધી માલીકી–કબજા ભોગવટો હતો. હવે આ જમીનની માલીકી કબ્જો ભોગવટો છેલ્લા આશરે રપ વર્ષથી અમારો છે તેની ઉપર અમારુ કારખાનું ચાલે છે. પારા નં.૩ ની હકીકતની અમોને જાણ નથી, વારસાઈ આંબો રજુ થયો નથી. વાદીઓનો આ જમીન ઉપર કબ્જો નથી. કબ્જામાં કોઈ પુરાવા રજુ થયા નથી. મૌખિક કહેવાથી માલીકી–કબ્જા ભોગવટો સાબિત થતો નથી. ઉલ્ટાની આ જમીન ઉપર અમારી માલીકી–કબજો ભોગવટો તથા ચાલુ કારખાનું ઉભું છે. તેવા પુરાવા આ જવાબ સાથે રજુ છે. જે ધ્યાને લેવા વિનંતી છે. પંચાયત–રેવન્યુ રેકર્ડમાં પણ અમારી માલીકી–કબજા–ભોગવટો આજદિન સુધી નોંધાયેલ છે. વાદીઓને કઈ હકીકત કયારે ધ્યાનમાં આવી તેની સાથે અમો પ્ર તિવાદી ૪ ને કોઈ લેવા દેવા નથી. માત્ર દાવો મુદ્દતમાં લાવવા તથા મનાઈ હુકમ મેળવવા ખોટી મૌખિક બાબતો જણાવે છે. વાદીઓના પતિ/પિતાનો વેચાણ દસ્તાવેજ નં.ર૦ર૩–૩ર 'ક' માં ગયેલ હતો. આ દાવાના પ્રતિવાદી નં.૧ નાએ તે દસ્તાવેજ પાછો મેળવવા ખુટતી સ્ટેમ્પ ડયુટી +દંડ પણ ચલણ કેસ નં.ર૯૦૬ તારીખ ૧૯/૦૮/૧૯૯૩ થી રૂા.૧ર૯૦–૦૦ સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર, રાજકોટની શાખામાં ભરેલ છે. જેનું ચલણ તેઓએ અમોને સોંપેલ છે.જે રજુ છે. અમો દસ્તાવેજ લેવા માટે ગયા નથી, માત્ર દસ્તાવેજ વાદીના કબ્જામાં ગેરકાયદેસર રીતે હોય તો તેઓ માલીક સાબિત થઈ જતાં નથી. અમોએ પ્રતિવાદી નં.૧ નાને પુરતો અવેજ આપી શુધ્ધબુધ્ધિથી અને પ્રમાણીક ખરીદનાર છીએ. અમોએ આ જમીન પ્રતિવાદી નં.૧ પાસેથી વેચાણ દસ્તાવેજ નં.૮૮૧ થી ખરીદ કરેલ છે, જે દસ્તાવેજ સાચો છે. આ જમીન ઉપર અમારુ આશરે રપ વર્ષથી

અમારુ કારખાનું આવેલુ છે, ઉત્પાદન થાય છે, તેના પંચાયત–રેવન્યુ સરકારના ટેક્ષ, વીજળી બીલ ભરાય છે. જેના પુરાવાઓ આ સાથે રજુ છે. પંચાયત–રેવન્યુ ખાતામાં આ જમીન/કારખાનું આજદિન સુધી અમારા નામે છે. વાદીઓએ તેની ઉપર કોઈ અપીલ કરી નથી, કાયદાથી વાદીઓએ અપીલ કરવી જોઈએ તેના માટે રેવન્યુ ટ્રીબ્યુનલનું પણ કાયદાથી ગઠન થયું છે. દાવા પારા નં.૬ ની હકીકત ખરી નથી. પ્રતિવાદી નં.–૧ વાળાએ અમોને વેચાણ દસ્તાવેજ કરતી વખતે વાદીઓના પતિ/પિતાએ પ્રતિવાદી નં.૧ ની જોગ કરી આપેલું સાચુ કુલ મુખત્યારનામું અસલમાં અમોને આપેલ છે. અને તેથી પ્રતિવાદી નં.–૧ નાએ અમારી પાસેથી પુરો અવેજ મેળવીને દ.નં.૮૮૧ કરી આપેલ છે. દસ્તાવેજ નોંધાયેલો છે.–સાચો છે. અને પંચાયત–રેવન્યુ–સરકારમાં આજદિન સુધી અમારા નામે નોંધાયેલ છે. કુલમુખત્યારનામું સાચુ છે અને અસલ મારી પાસે છે. વાદીઓના પતિ/પિતાએ પ્રતિવાદી –૧ ને લખી આપેલી અવેજ મળ્યાની પહોંચ સાચી છે અને અમારી પાસે છે અને અમારી પાસે છે. વાદીઓએ પહોંચ કુલમુખત્યારનામામાં ખોટી સહીઓ છે. ખોટા લોકો સાક્ષીઓ છે. ખોટા નોટરીની સહીઓ છે. તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. જેથી આ દાવો ખોટો છે. જયારે અમો પ્રતિવાદીઓના નામે સરકાર પંચાયત રેવન્યુમાં અમારા નામે આજદિન સુધી બોલે છે. જેની ઉપર આશરે ૨૫ વર્ષમાં કોઈ અપીલ થઈ જ નથી. આ જમીન–કારખાનાઓ ઉપર પંચાયત રેવન્યુ સરકારના વેરાઓ ભરીએ છીએ તેના પુરાવાઓ આ સાથે રજુ છે. વાદીઓના કબ્જા–ભોગવટો પણ નથી કોઈ પુરાવો રજુ કરેલ નથી, ૨૫ વર્ષથી કબ્જો ભોગવટો અમારો છે. દાવો પણ મુદ્દત બહાર છે. પંચાયત રેવન્યુના દસ્તાવેજો એન્ટ્રીઓ સામે જુદી અપીલ કોર્ટો તથા ટ્રીબ્યુનલ છે. કોર્ટમાં દાવો દાખલ થઈ શકે નહી. વાદીઓએ પોલીસમાં અમારી સામે ફરીયાદ અરજી કરી છે. તપાસ ચાલુ છે. વાદીઓએ એક રેમેડી લીધી છે. પછી કોર્ટમાં દાવાની બીજી રેમેડી એક સાથે લઈ શકાય નહી. કુલમુખત્યારનામું પહોંચ અમારો દસ્તાવેજ ખોટા છે. તેની સાબિતી માટે કોઈ પુરાવાઓ વાદીએ રજુ કરેલા નથી. કાયદામાં બર્ડન ઓફ પ્રુફ વાદીઓ ઉપર છે તેથી આ દાવો રદ થવા પાત્ર છે. જમીનની લે–વેંચનો સોદો કરનાર બન્ને પક્ષકારો કે કુલમુખત્યાર કે અન્ય દસ્તાવેજો કરનારાઓ સગા–સંબંધી કે જ્ઞાતિના જ હોવા જોઈએ તેવી વાદીઓની વાત હાસ્યાસ્પદ છે. વાદીઓના પતિ/પિતાના વ્યવહાર સામાન્ય કાયદા મુજબ વારસદારોને બંધનકર્તા છે. વાદીઓના પતિ/પિતાએ આ જમીન દ.નં.૨૦૨૩ થી ખરીદ કર્યાની હકીકત ખરી છે. દસ્તાવેજ ૩૨ 'ક' માં

ગયાની હકીકત ખરી છે, વાદીઓના પતિ/પિતાએ તેથી તેમજ ભાઈઓને ભાગ ન આપવો પડે તેવું જણાવીને દસ્તાવેજ પેન્ડીંગ રાખેલ હતો. જેથી જે તે સમયના જમીન લે–વેંચના રીવાજ મુજબ કુલમુખત્યારનામું આપેલ છે. જે સાચુ છે. પ્રતિવાદી–૧ નાએ ૩ર 'ક' માંથી ચલણ ભરી ખુટતી સ ટેમ્પ ડયુટી+ દંડ ભરપાઈ કરીને ચલણ અમોને સોંપેલ હતું. પરંતુ અમો દસ્તાવેજ લેવા ગયા નહોતા.વાદીઓના પતિ/પિતાએ પ્રતિવાદી નં.૧ ના ને જે પણ વેંચાણની કિંમતનો ખુટતો અવેજ મેળવી પહોંચ લખી આપેલ છે. જે સાચી છે અને અમારી પાસે છે. વાદીઓના ઘ્યાનમાં કયારે, શું આવ્યુ તેની અમારે લેવા દેવા નથી. વાદીઓને મળેલી જાણકારી તથા દાવાની નોટીસ કોઈ બીજા ઈરાદાથી ઉભી કરી દાવો મુદ્દતમાં લાવવા કોશીષ થાય છે. જે નામદાર કોર્ટે ઘ્યાને લેવા અરજ છે. અમારા નામના દસ્તાવેજ નં.૮૮૧ હવે ઘ્યાનમાં આવેલ હોય તો અમારુ કારખાનું ૨૫ વર્ષથી કામ કરે છે ચાલુ છે. તે વાદીઓના ઘ્યાનમાં આવેલું હોય જ. અગત્યની હકીકત એ છે કે, સને–૨૦૧૧ માં કારખાના માટેની બેંકની લોન માટે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ માટે અમો બેંકના એડવોકેટ શ્રી જયંતિલાલ કે.ટાંક પાસે જતાં તેમણે આ દસ્તાવેજ નં. ૨૦૨૩ ઘટતો હોવાથી ને અમોને મળી આવતો નથી, તે ગુમ થયો છે, તેવી અમારા વતી જાહેર નોટીસ છાપાઓમાં તા. ૦૧–૧ ૨–૨૦૧૧ ના રોજ આપેલ હતી. આ નોટીસના જવાબમાં વાદીઓએ કોઈ વાંધો કે પોતાની માલીકીનો હકક–દાવો કરેલ નથી. જેથી પણ અમારો જવાબ ખરીદીનો દસ્તાવેજ કાયદેસરનો છે. નોટીસ પુરાવા તરીકે રજુ છે. જેથી વાદીઓનો કોઈ પ્રાથમિક કેસ નથી. અમોએ આ જમીન વેચનાર નથી તેની મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીગ્ઝનો સવાલ ઉભો થતો નથી. વાદીઓના પતિ/પિતાએ આ જમીન પ્રતિવાદી નં.૧ ને વેચાણ કરેલ છે. તેમણે અમોને કાયદેસર વેચાણ આપેલ છે. સરકાર–પંચાયત–રેવન્યુમાં અમારા નામે છે. તેથી વાદીઓને નુકશાન જવાનો કોઈ સવાલ જ નથી. અને ઉપરોકત રીતે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ અમારી તરફેણમાં છે. તેથી વાદીઓ બીજી રેમેડી દાવો કરીને લઈ શકે નહી તેથી તેમને કોઈ ઈરીપેરેબલ લોસ જતો નથી. સબબ આ દાવો કાઢી નાખવા તથા મનાઈ હુકમ નહી આપવા અરજ છે. છેલ્લા ૨૫ વર્ષથી અમારુ કારખાનું ઉત્પાદન કરે છે. તેથી બીજા કોઈનો હકક ઉભો થવાનો કોઈ સવાલ જ નથી. આ જમીનની માલીકી–કબ્જા–ભોગવટો છેલ્લા ૨૫ વર્ષથી અમારો છે સરકાર પંચાયત રેવન્યુમાં અમારે નામે આજદિન સુધી છે. તેથી વાદીઓ કે અન્ય કોઈને પ્રવેશ કરવાનો અધિકાર નથી. જેના પુરાવાઓ અમોએ રજુ કરેલ છે. મનાઈ હુકમ મેળવવા માટે વાદીએ મૌખિક કબ્જા–ભોગવટો

દર્શાવે છે. પરંતુ કોઈ પુરાવાઓ રજુ કરતાં નથી. જેથી આ મનાઈ હુકમની અરજી રદ થવા તથા દાવો કાઢી નાખવા, અમને ખર્ચ–ખોટીપાનું વળતર અપાવવા હુકમ થવા અરજ છે.

૪. ત્યારબાદ વાદી તરફે આ કામે આંક–૨૧ થી કાઉન્ટર સોગંદનામુ રજુ કરેલ છે જેમા પ્રતિવાદીઓના લેખિત જવાબની હકીકતો ખરી ન હોવાનુ જણાવી ખરી હકીકત તરીકે મુખ્યત્વે જણાવેલ છે કે, વાદી તેઓની દાવા અરજી તથા મનાઈહુકમની અરજીને વગળી રહે છે આ કામના પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૨ થી ૬ એ મહદઅંશે એક સરખો જવાબ રજુ રાખેલ છે. તેથી તેઓના જવાબ સંદર્ભે સંયુકત કાઉન્ટર એફીડેવીટ રજુ રાખેલ છે.આ કામના પ્રતિવાદીઓએ નામ.કોર્ટ સમક્ષ સત્ય હકીકત છુપાવી નામ.કોર્ટને ગેરમાર્ગે દોરી કાયદા તથા હકીકતની ગુંચ ઉત્પન્ન કરવા પ્રયત્ન કરેલ હોય તેવું પ્રતિવાદીઓએ રજુ કરેલ જવાબ પરથી જણાય આવે છે. આમ,પ્રતિવાદીઓએ નામ.કોર્ટ સમક્ષ સત્ય હકીકતો છુપાવી જવાબ રજુ રાખેલ છે. આ કામના પ્રતિવાદીઓએ વાદીના તથા મનાઈ હુકમની અરજીનો જનરલ ડીનાઈ લીધેલ છે. તેમજ પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં. ૨ થી ૬ નો જવાબ જોવામાં આવે તો આ કામના પ્રતિવાદીઓએ કોલ્યુઝન કરેલ હોવાનું પ્રથમ દષ્ટિએ જ સ્પષ્ટ રીતે જણાય આવે છે. પ્રતિવાદી નં.૧ એ પ્રતિવાદી નં.૨ થી ૫ પાસેથી અવેજ સ્વીકારેલ હોય તો પણ તે કાયદા મુજબ વેલીડ નથી. અને અમોની કોઈ પણ કબુલાત વગર પ્રતિવાદી નં.૧ જોગનું કુલમુખત્યારનામુ માની લેવામાં આવે તો પણ કુલમુખત્યારને અવેજ સ્વીકારવાની સતા નથી. પ્રતિવાદી નં.૧ જોગના કહેવાતા કુલમુખત્યારનામામાં પણ અવેજ સ્વીકારવાની સતા આપેલ હોય તેવું દર્શાવેલ નથી. પ્રતિવાદી નં.૧ તેમના જવાબમાં વાદીના ગુજ.પિતા ધર્મેન્દ્રસિંહ મુળુભા ઝાલાના અન્ય ભાગીદારો હોવાનું જણાવે છે પરંતુ પ્રતિવાદી વાદીના પિતાના અન્ય ભાગીદારો હોવાનું જાણતા હોવા છતાં પ્રતિવાદી નં.૧ એ તેમના જોગના કુલમુખત્યારનામામાં કે ચુકતે અવેજની પહોંચમાં વાદીના પિતાના ભાગીદારોની સંમતિ લીધેલ નથી કે ભાગીદાર હોવાનો પણ ઉલ્લેખ નથી. આમ, પ્રતિવાદી પાસે વાદીના દાવાનો કોઈ જવાબ કે બચાવ ન હોય તેથી સોગંદ ઉપર ખોટો જવાબ રજુ કરેલ છે અને નામ. કોર્ટને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરી રહયા હોવાનું સ્પષ્ટપણે જણાય છે. પ્રતિવાદી નં.૧ એ સંપુર્ણ અવેજ ચુકવી આપેલ તેથી વાદીના પિતાએ કુલમુખત્યારનામું અને ચુકતે અવેજની પહોંચ કરી આપેલ તેવું પ્રતિવાદી જણાવી રહયા છે.જો પ્રતિવાદીએ સદરહું મિલ્કત ખરીદ કરેલ

હોય અને સંપુર્ણ અવેજની રકમ ચુકવી આપેલ હોય તો તે વખતે જ પ્રતિવાદી તેમના જોગનો રજીસ્ટર્ડ દસ્તાવેજ કરાવી લ્યે આમ પ્રતિવાદીનો બચાવ માનવાને કોઇ કારણ નથી. વિશેષમાં વાદીના પિતાના અવસાન બાદ મુખત્યારનામાના આધારે દસ્તાવેજ થયેલ છે જેની કાયદા મુજબ કોઇ કિંમત નથી વિશેષમાં પ્રતિવાદીએ વાદી વિગેરે વિરુધ્ધ કોઇ પ્રકારનો કાઉન્ટર કલેઈમ કરેલ નથી આમ પ્રતિવાદીને દાવામાં કોઈ બચાવ નથી તેથી જ પ્રતિવાદી આપ નામ.કોર્ટ સમક્ષ અલગ–અલગ પ્રકારનો કેસ મુકવા વ્યર્થ પ્રયત્ન કરી રહયા છે. પ્રતિવાદી તેમના જવાબમાં કુલમુખત્યારનામા તથા ચુકતે અવેજની પહોંચમાં વાદીના પિતાની સહી છે તેવુ જણાવે છે પરંતુ પ્ર તિવાદી નં.૧ જોગના કહેવાતા કુલમુખત્યારનામા તથા ચુકતે અવેજની પહોંચમાં  વાદીના પિતા/પતિની સહી નથી. વાદી તેઓના પિતા/પતિની સહી સારી રીતે જાણીએ છીએ આ કામના પ્ર તિવાદી નં.૧ એ વાદીના પિતાની બોગસ સહી કરી પોતાના નામનુ બોગસ બનાવટની કુલમુખત્યારનામુ તથા ચુકતે અવેજની પહોંચ ઉભી કરેલ છે. અને તે અંગે અમો ભવિષ્યમાં જરૂર પડયે પણ હસ્તાક્ષર નિષ્ણાંતનો અભિપ્રાય મેળવી આપ નામ.કોર્ટ સમક્ષ રજુ રાખીશુ. પ્રતિવાદી તેમના જવાબ–વાંધામાં વાદીના પિતા જોગનો અસલ દસ્તાવેજ ખોવાઇ ગયા અંગેની હકીકતો જણાવે છે અને દસ્તાવેજ ખોવાઇ ગયા અંગે જાહેર નોટીસ પણ પ્રસિધ્ધ કરાવેલ હોવાનું જણાવે છે પરંતુ પ્રતિવાદીએ તા.૦૧/૧૨/૨૦૧૧ ના રોજ જે જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ છે. તેમાં વાદીના પિતા/પતિ ધર્મેન્દ્રસિંહ મુળુભા ઝાલા જોગનો અસલ દસ્તાવેજ પ્રતિવાદીથી ગુમ થયેલ છે તેવું જાહેર કરેછે. પરંતુ ખરી હકીકતે વાદીના પિતા/પતિ જોગનો દસ્તાવેજ ખુટતી સ્ટેમ્પ ડયુટી અર્થે સ્ટેમ્પ ડયુટી કલેકટર કચેરીમાં કલમ–૩૨(ક) હેઠળ પેંન્ડીંગ હતો તેમ છતાં બેંક સાથે છેતરપીંડી કરી ખોટી વિગતે લોન મેળવવા ખોટી જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ તથા સોગંદ ઉપર પણ ખોટી હકીકતો જાહેર કરેલ છે. આમ પ્રતિવાદીઓ પોતાના લાભ માટે ખોટું કરવાની ટેવવાળા હોવાનું ફલીત થાય છે. તેથી જ પ્રતિવાદી વાદીના દાવાનો કાયદા મુજબ જવાબ આપી શકેલ નથી. પ્રતિવાદી નં.૪ તેમના જવાબ–વાંધામાં ખુટતી સ્ટેમ્પ ડયુટીના પૈસા પ્રતિવાદી નં.૧ એ ભરી તેનું ચલણ પ્રતિવાદી નં.૨ થી ૬ ને સોંપી આપેલ તેવું જણાવેલ છે. પ્રતિવાદી નં.૨ થી ૬ ને સીટી યુનીયન બેંકમાંથી ધીરાણ જોઇતુ હોય બેંકના વકીલશ્રીએ વાદીના પિતા જોગનો અસલ દસ્તાવેજ ફાઈલમાં ન હોવાની કવેરી કાઢતા પ્રતિવાદીએ ઘણા વર્ષો બાદ એટલે કે તા.૦૧/૧ ૨/૨૦૧૧ ના રોજ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ છે અને તેમાં પણ ખોટી વિગતો જાહેર કરાવેલ

**છે જે પ્રતિવાદીનું માનસ છતુ કરે છે. અમો વાદીના પિતાના અવસાન બાદ પ્રતિવાદી નં.૧ કહેવાત કુલમુખત્યારનામાના આધારે કોઇ પણ પ્રકારના વ્યવહાર કરી શકે નહી જે અંગે પ્રતિવાદી તેમના જવાબમાં સંપુર્ણ મૌન રહેલ છે. આમ પ્રતિવાદીને કાયદા મુજબનો કોઇ બચાવ નથી. પ્રતિવાદીઓએ પ્રતિવાદી નં.૧ જોગના કુલમુખત્યારનામું તથા ચુકતે અવેજની પહોંચનો બચાવ લીધેલ છે. પરંતુ આ બન્ને દસ્તાવેજોને રજી.એકટની કલમ–૧૭ તથા ૪૯ નો સ્પષ્ટ રીતે બાધ નડે છે અને તે જ રીતે બોમ્બે સ્ટેમ્પ એકટનો પણ સ્પષ્ટ રીતે બાધ નડે છે આ રીતે પ્રતિવાદીઓ આ બંને દસ્તાવેજોનો બચાવ કાયદા મુજબ લઇ શકે નહી.**

**આમ ઉપરોકત તમામ બાબતો ધ્યાને લઇ પ્રતિવાદીઓએ જે જવાબ–વાંધા રજુ કરેલ છે તેમાં માત્ર નામ.કોર્ટને ગેરમાર્ગે દોરનારા કથન કરેલ છે. તેમજ જનરલ ડીનાઇલ લીધેલ છે. આમ વાદી દાવાવાળી મિલ્કતના માલીક હોય તેથી માગ્યા મુજબનો મનાઇહુકમ આપવામાં આવે તો ન્યાયનું હિત જળવાઈ રહેશે તેના સમર્થનમાં આ કાઉન્ટર એફીડેવીટ કરેલ છે.**

**૫.** **<u>વાદી તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.</u>**

(૧) માર્ક–૪/૧ થી તા.૨૯/૦૪/૨૦૧૯ ના રોજ ગં. સ્વ.નરેન્દ્રબા ધર્મેન્દ્રસિંહ ઝાલા વિગેરેએ અમો જોગ કરી આપેલ કુલમુખત્યારનામાની ઝેરોક્ષ નકલ.

(૨) માર્ક–૪/૨ થી તા.૦૩/૦૭/૧૯૮૯ ના રોજનો ગુજ.સ્વ.ધર્મેન્દ્રસિંહ મુળુભા ઝાલા જોગનો રજી.વે.દ.અનુ.નં.૨૦૨૩ની ઝેરોક્ષ નકલ.

(૩) માર્ક–૪/૩ થી તા.૨૧/૧૨/૧૯૯૦ ના રોજ ધર્મેન્દ્રસિંહ મુળુભા ઝાલાના નામ જોગ પ્રતિવાદી નં.૧ એ ઉભુ કરેલ બોગસ કુલમુખત્યારનામાની ઝેરોક્ષ નકલ.

(૪) માર્ક–૪/૪ થી તા.૩૧/૦૩/૧૯૯૫ ના રોજ સ્વરાજ ઇન્ડસ્ટ્રીઝના ભાગીદારો જોગ થયેલ રજી.વે.દ. અનુ.નં.૮૮૧ ની ખરી નકલ.

(૫) માર્ક–૪/૫ થી તા.૩૦/૦૫/૧૯૯૫ ના રોજ સ્વરાજ ઇન્ડ.ના ભાગીદારોના નામે હકકપત્રકે પડેલ નોંધ નં.૧૯૬૧ ની ઝેરોક્ષ નકલ.

(૬) માર્ક–૪/૬ થી નોંધ નં.૧૯૬૧ ના કામે બજેલ ૧૩૫–ડી ની નોટીસની ઝેરોક્ષ નકલ.

(૭) માર્ક–૪/૭ થી ગુજ.સ્વ. ધર્મેન્દ્રસિંહ મુળુભા ઝાલાને મળેલ ખુટતી સ્ટેમ્પ ડયુટી અંગેની નોટીસની ઝેરોક્ષ નકલ.

(૮) માર્ક–૪/૮ થી તા.૦૭/૦૪/૨૦૧૯ ના રોજ અમો વાદીએ પ્રતિવાદીઓને પાઠવેલ લીગલ નોટીસ અસલ.

(૯) માર્ક–૪/૯ થી તા.૧૪/૦૩/૨૦૧૯ ના રોજ પ્રતિવાદી નં.૨ થી ૪ એ પાઠવેલ લીગલ નોટીસનો જવાબ અસલ.

(૧૦) માર્ક–૪/૧૦ થી તા.૧૮/૦૪/૨૦૧૯ ના રોજ પ્રતિવાદી નં.૧ એ પાઠવેલ લીગલ નોટીસનો જવાબ અસલ.

(૧૧) માર્ક–૨૮/૧ થી ધર્મેન્દ્રસિંહ મુળુભા ઝાલાના મરણના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ.

**૫.૧** <u>**પ્રતિવાદી નં.૧ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.**</u>

(૧) માર્ક–૮/૧ થી તા. ૨૧/૧૨/૧૯૯૦ ના રોજ સાચું ઈરીવોકેબલ પાવર ઓફ એટર્ની વાદીઓના પતિ/પિતાએ અમારો વેચાણ દસ્તાવેજ પેંન્ડીગ રાખતા જમીન લે–વેંચના રીવાજ મુજબનું કુલમુખત્યારનામાની ઝેરોક્ષ નકલ.

(૨) માર્ક–૮/૨ થી તા.૨૧/૧૨/૧૯૯૦ ના રોજ વાદીઓના પતિ/ પિતા એ અમોને જમીન વેચાણ કરતાં અવેજની પુરેપુરી કિંમત ચુકવી આપતા વાદીઓના પતિ/પિતાએ આપેલ પહોચની ઝેરોક્ષ નકલ.

(૩) માર્ક–૮/૩ થી તા. ૧૯/૦૮/૧૯૯૩ ના રોજ ૩૨'ક' માં ગયેલો દસ્તાવેજ નં. ૨૦૨૩ છોડાવવા સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર, રાજકોટ શાખામાં ભરેલ રકમના ચલણની ઝેરોક્ષ નકલ.

(૪) માર્ક–૮/૪ થી તા. ૦૧/૧૨/૨૦૧૧ ના રોજ પ્રતિવાદી નં.૨ થી ૬ ના વકીલનો ટાઇટલ કલીયર રીપોર્ટમાં દસ્તાવેજ નં.૨૦૨૩ તેઓની પાસેથી ગુમ થયેલ હોય તેમાં કોઇ હકક–હિસ્સો લાગભાગ છે કે નહી તે માટે જાહેર નોટીસની ઝેરોક્ષ નકલ.

(૫) માર્ક–૮/૫ થી તા.૦૮/૦૮/૨૦૧૯ ના રોજ વાદીઓએ અમારી પાસે ફરીયાદ અરજી કરતા અમારુ લેખિત સ્ટેટમેન્ટ.

(૬) માર્ક–૧૮/૧ થી ઈરીવોકેબલ પાવર ઓફ એટર્ની– કુલમુખત્યારનામું અસલ.

(૭) માર્ક–૧૮/૨ થી ચુકતે અવેજની પહોચ અસલ.

**૫.૨** <u>**(પ્રતિવાદી નં.૨ થી ૬ વતી) પ્રતિવાદી નં.૪ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.**</u>

(૧) માર્ક–૧૨/૧ તા.૨૮/૧૨/૨૦૧૧ થી માલીકીની જમીન અંગે વકીલશ્રીએ આપેલ ટાઇટલ કલીયરનો રીપોર્ટની ઝેરોક્ષ નકલ.

(૨) માર્ક–૧૨/૨ ૨૦૦૫–૨૦૦૬ કારખાનાનું સરકારશ્રીનું સર્વિસ ટેકસનું લાયસન્સની ઝેરોક્ષ નકલ.

(૩) માર્ક–૧૨/૩ થી તા.૨૨/૦૫/૨૦૦૨ સરકારશ્રીના G.S.F.C. નિગમનો લોનનો બાકી લેણાનો હીસાબની ઝેરોક્ષ નકલ.

(૪) માર્ક–૧૨/૪ થી તા.૨૦/૦૩/૯૭ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનું ઉદ્યોગ નોંધણી લાયસન્સની ઝેરોક્ષ નકલ.

(૫) માર્ક–૧૨/૫ થી ૨૦૧૮–૧૯ નો ઈન્કમટેકસ ભર્યાનું રીર્ટનની ઝેરોક્ષ નકલ.

(૬) માર્ક–૧૨/૬ થી તા.૧૬/૦૭/૧૯ નું કારખાનાનું લાઈટ બીલની ઝેરોક્ષ નકલ.

(૭) માર્ક–૧૨/૭ થી તા.૧૦/૦૪/૯૫ કારખાનાની ચણતરની મંજુરીની ઝેરોક્ષ નકલ.

(૮) માર્ક–૧૨/૮ થી રેવન્યુ ગામ નમુના–૨ ની ઝેરોક્ષ નકલ.

(૯) માર્ક–૧૨/૯ થી રેવન્યુ નમુનો નં.૬ હકક પત્રકની ઝેરોક્ષ નકલ.

(૧૦) માર્ક–૧૨/૧૦ થી રેવન્યુ નમુનો નં.૮–અ ની ઝેરોક્ષ નકલ.

(૧૧) માર્ક–૧૨/૧૧ થી રેવન્યુ નમુનો નં.૭–૧૨ ની ઝેરોક્ષ નકલ.

(૧૨) માર્ક–૧૨/૧૨ થી રેવન્યુ વેરો ભરવાની પહોંચની ઝેરોક્ષ નકલ.

(૧૩) માર્ક–૧૨/૧૩ થી ગ્રામ પંચાયતનો વેરા પહોંચની ઝેરોક્ષ નકલ.

(૧૪) માર્ક–૧૨/૧૪ થી વર્ષ ૨૦૧૧ માં કોઈ વેરો બાકી નથી તેવો પંચાયતનો દાખલાની ઝેરોક્ષ નકલ.

(૧૫) માર્ક–૧૨/૧૫ થી તા.૨૧/૧૨/૧૯૯૦વાદીઓના પતિ/પિતાએ પ્રતિ.નં.૧ નાને લખી આપેલ જમીન વેચાણનો પુરતો અવેજ કિંમત મળી ગયાની પહોંચની ઝેરોક્ષ નકલ.

(૧૬) માર્ક–૧૨/૧૬ થી વાદીઓના પતિ/પિતાએ પ્રતિ.નં.૧ નાને લખી આપેલું સાચુ કુલ મુખત્યારનામાની ઝેરોક્ષ નકલ.

(૧૭) માર્ક–૧૨/૧૭ થી તા.૧૯/૦૮/૧૯૯૩ દ.નં.૨૦૨૩–૩૨ 'ક' માં જતાં પ્રતિ–૧ નાએ ભરેલ સ્ટેમ્પ ડયુટી તથા દંડની રકમનું ચલણની ઝેરોક્ષ નકલ.

(૧૮) માર્ક–૧૨/૧૮ થી તા.૦૧/૧૨/૨૦૧૧ ના રોજ ટાઇટલ કલીયર રીપોર્ટમાં દસ્તાવેજ નં.૨૦૨૩ અમારી પાસેથી ગુમ થયેલ હોય તેમાં કોઇ હકક હીસ્સો લાગભાગ છે કે નહી તે માટે જાહેર નોટીસની ઝેરોક્ષ નકલ.

(૧૯) માર્ક–૧૨/૧૯ તા.૨૪/૦૭/૨૦૧૯ ના રોજ વાદીઓએ પ્રતિવાદીઓ વિરુધ્ધ પોલીસ સ્ટેશનમાં કરેલી ફરીયાદ અરજીમાં પોલીસ તપાસ માટે પોલીસના પત્રની ઝેરોક્ષ નકલ.

**૫.૩ <u>પ્રતિવાદીઓ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.</u>**

(૧) માર્ક–૩૧/૧ થી વાદીઓના પતિ/પિતાએ પ્રતિ.નં.૧ નાને લખી આપેલ જમીન વેચાણનો પુરતો અવેજ કિંમત મળી ગયાની પહોંચ તથા સાટાખતની ઝેરોક્ષ નકલ.

(૨) માર્ક–૩૧/૨ થી દ.નં. તા.૧૯/૦૮/૧૯૯૩ ના રોજ ૨૦૨૩–૩૨–કામમાં જતાં પ્રતિ–૧ ના ભરેલ સ્ટેમ્પ ડયુટી તથા દંડની રકમનું ચલણની ઝેરોક્ષ નકલ.

(૩) માર્ક–૩૧/૩ દ.નં.૮૮૧ ની ઈન્ડેકસ જેની ઉપરથી સામા–૨ થી ૬ ના ખાતે રેવન્યુમાં એન્ટ્રી નં.૧૯૬૧ પડી છે તેની ઝેરોક્ષ નકલ.

(૪) માર્ક–૩૧/૪ થી તા.૧૮/૦૮/૨૦૦૪ ના રોજ વાદીઓના વાલીએ અગાઉ બીજા સાથે સોદો કરેલ જે રદ કર્યાનો દસ્તાવેજ નં.૮૮૦ મિસ્પ્લેસ તથા તેની શમે વાંધાઓ માંગવા છાપામાં જાહેર નોટીસ તા.૧૮–૦૮–૨૦૦૪ વાંધા માંગ્યાની છાપાની કાપલીની ઝેરોક્ષ નકલ.

(૫) માર્ક–૩૧/૫ થી તા.૦૧/૧૨/૨૦૧૧ ના રોજ દસ્તાવેજ નં.૨૦૨૩ મિસ્પ્લેસ થતા તેની શમે વાંધાઓ માંગવા છાપામાં જાહેર નોટીસ તા.૦૧/૧૨/૨૦૧૧ વાંધાઓ માંગ્યાની છાપાની કાપલીની ઝેરોક્ષ નકલ.

(૬) માર્ક–૩૧/૬ થી તા.૦૫/૧૦/૨૦૧૯ ના રોજ વાદીઓએ અમારી સામે કરેલી ફોજદારી અરજીના જવાબમાં અમારુ તા.૦૫/૧૦/૨૦૧૯ નું લેખિત નિવેદન.

(૭) માર્ક–૩૧/૭ થી તા.૩૧/૦૫/૨૦૦૮ ના રોજ સામાવાળા નં.૬ સ્વરાજ ઈન્ડસ્ટ્રીઝના જુના ભાગીદારો છુટા થયા તથા નવા દાખલ થયાનું દસ્તાવેજની ઝેરોક્ષ નકલ.

(૮) માર્ક–૩૧/૮ થી તા.૧૧/૦૩/૨૦૨૧ ના રોજ વાદીઓના વાલી વતી બે સ્ટેમ્પ પેપર ખરીદનાર તથા વેચાણ કાર્યવાહીમાં સાથે રહેનાર અને સોદાના વચેટીયાનું સોગંદનામુ

(૯) માર્ક–૩૧/૯ થી તા.૧૪/૦૯/૨૦૨૦ ના રોજ આ કેસની રેવન્યુ એન્ટ્રી નં.૧૯૬૧ સામે વાદીઓએ કરેલ રેવન્યુ અપીલ નં.૬૭/૧૯ માં અમારી લેખિત દલીલની ઝેરોક્ષ નકલ.

**૬.** ત્યારબાદ સદર કામે વાદી તથા પ્રતિવાદી તરફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી તથા પ્રતિવાદી નં–૧ તરફે આંક–૨૯ થી અને પ્રતિવાદી નં–૨ થી ૬ તરફે આંક–૩૦ થી રજુ લેખિત દલીલો વંચાણે લીધી. તથા પ્રતિવાદીઓ તરફે તેઓની દલીલોના સમર્થનમાં રજુ નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને માનસહ વંચાણે લીધેલ છે.

**૭.** રેકર્ડ પરની હકીકતો ધ્યાને લેતાં આ અરજીના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા નિર્ણિત કરવાના રહેશે.

**૧. શું વાદી સાબીત કરે છે કે, તેનો પ્રથમ દર્શનીય કેસ છે ?**

૨. શું વાદી સાબીત કરે છે કે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેની તરફેણમાં છે ?

૩. શું માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણાંમાં ન માપી શકાય તેવું નુકશાન થાય તેમ છે ?

૪. શું હુકમ ?

૮. ઉપરોકત મુદ્દાના નિર્ણય અને કારણો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ અનુસાર.

**::: કારણો :::**

➢ **મુદ્દા નં. ૧ થી ૩** :–

ઉપરોકત મુદ્દા અરસપરસ સંકળાયેલા હોય હકીકતોનું પુનરાવર્તન નિવારવા દરેક મુદ્દાની ચર્ચા એક સાથે કરવામાં આવી રહેલ છે.

હાલ બંને પક્ષોની વચગાળાની મનાઈ અરજીના સંદર્ભમાં નિર્ણય કરવાનો છે તે સમયે અદાલતે પ્રથમ દર્શનીય કેસ, સગવડતાની સમતુલા અને ભરપાઈ ન થઈ શકે તેવા નુકસાનનો વિચાર કરવાનો રહે છે. જો કે, કાયદાની વિકસીત થયેલ પરિસ્થિતિ છે કે, આ તબકકે આપણે જાણે મીની ટ્રાયલ ચલાવતા હોય તે રીતે પક્ષકારોની તકરારોનું નિરાકરણ કરવાનું હોય નહી. જે પક્ષકાર એવી હકીકત દર્શાવી શકે કે ચલાવી શકાય તેવા અને હકીકતોના મહત્વના સવાલો રહેલા છે અને તેમનો દાવો કોઈ દેખીતી ખામીના કારણે રદ થવાને પાત્ર નથી તો તેને પ્રથમ દર્શનીય કેસ ગણી શકાય.

વધુમાં મનાઈ અરજી બાબતે દિવાની કાર્યરીતી સંહિતામાં મનાઈ હુકમ બાબતના પ્રબંધોને ધ્યાને લેવા અનીવાર્ય બની રહે છે, અને જે નીચે મુજબ છે.

કામ ચલાઉ મનાઈ હુકમનું સંચાલન દિવાની કાર્યરીતી સંહિતાના આદેશ ૩૯ નિયમ ૧ અને ૨ મુજબ થાય છે, અને જેના પ્રબંધો જોવામાં આવે તો

"કામ ચલાઉ મનાઈ હુકમ આપી શકાય તેવા કેસ કે જેમા કોઈપણ દાવામાં સોગંદનામાથી અથવા બીજી રીતે એવું સાબિત થાય કે,

(ક) દાવાનો કોઈપણ પક્ષકાર દાવામાંની કોઈપણ તકરારી મીલકત વેડફી નાંખી કંઈ નુકશાન કરશે અથવા તે કોઈને આપી દેશે અથવા કોઈ હુકમનામાની બજવણીમાં તે ગેરવ્યાજબી રીતે વેચાશે તેવી દહેશત છે.

(ખ) પોતાના લેણદારોને દગો દેવાના ઉદ્દેશથી પ્રતિવાદી પોતાની મીલકત ખસેડવાની અથવા તેનો નિકાલ કરવાની બીક બતાવે છે અથવા તેમ કરવાનો ઈરાદો રાખે છે.

(ગ) દાવા માની તકરારી મીલકતના સબંધમાં, વાદીનો કબજો છોડાવી દેવાની અથવા બીજી રીતે વાદીને નુકશાન પહોંચાડવાની પ્રતિવાદી ધમકી આપે છે.

ત્યારે હુકમ કરીને ન્યાયાલય આવુ કાર્ય થતું અટકાવવા માટે કામ ચલાઉ મનાઈ હુકમ આપી શકશે.

**૯.** સમગ્ર રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતાં વાદીઓએ હાલનો દાવો પ્રતિવાદીઓ સામે વેચાણ દસ્તાવેજ રદ કરવાનો, વિજ્ઞાપન તથા કાયમી મનાઈહુકમ મેળવવા માટે કરેલ છે. આ દાવાના કામે નીચેની બાબતો નિર્વિવાદ છે.

૧) દાવાવાળી જમીન ધર્મેન્દ્રસિંહ મુળુભા ઝાલાનાઓએ રજી.વેચાણ દસ્તાવેજ થી તા.૩/૦૭/૧૯૮૯ થી ખરીદ કરેલી જે ગોંડલની સબ–રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં અનુ. નં–૨૦૨૩/૮૯ થી નોંધાયેલ છે.

૨) સદરહુ દસ્તાવેજ નં–૨૦૨૩/૧૯ બોમ્બે સ્ટેમ્પ એકટની કલમ–૩૨(ક) ની કાર્યવાહી અર્થે પેન્ડીંગ હતો.

૩) દાવાવાળી જમીનમાં ધર્મેન્દ્રસિંહ ઝાલાનાઓનો તા.૨૧/૧૨/૧૯૯૦ સુધી માલિકી કબજોભોગવટો હતો.

૪) દાવાવાળી જમીન અંગે તા.૨૧/૧૨/૧૯૯૦ ના રોજના કુલમુખત્યારનામાના આધારે પ્રતિવાદી નં–૧ નાએ પ્રતિવાદી નં–૨ થી ૬ ના નામે વેચાણ દસ્તાવેજ

તા.૩૧/૦૩/૧૯૯૫ ના રોજ કરી આપેલ છે જે ગોંડલની સબ–રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં અનુ.નં–૮૮૧/૯૫ થી નોંધાયેલ છે.

૫) દાવાવાળી જમીન રેવન્યુ રેકર્ડ તથા પંચાયતના રેકર્ડમાં પ્રતિવાદી નં–૨ થી ૬ ના નામે ચાલી આવેલ છે.

આ કામે વાદીનો એવો કેસ છે કે દાવાવાળી જમીન તેઓના પતિ/પિતા સ્વ.ધર્મેન્દ્રસિંહ ઝાલાનાઓએ રજી.વેચાણ દસ્તાવેજ નં–૨૦૨૩/૮૯ થી તા.૩/૦૭/૧૯૮૯ ના રોજ ખરીદ કરેલ જે દસ્તાવેજ બોમ્બે સ્ટેમ્પ એકટની કલમ–૩૨(ક) ની કાર્યવાહી સારૂ પેન્ડીંગ હતો દરમયાન વાદીઓના પતિ/પિતા તા.૪/૦૯/૧૯૯૨ ના રોજ અવસાન પામેલા અને ત્યારબાદ સદરહુ દસ્તાવેજ છોડાવવાની કાર્યવાહી વાદીઓએ હાથ ધરતા તથા રેવન્યુ રેકર્ડની નકલો કઢાતા તેઓને જાણવા મળેલ છે કે દાવાવાળી જમીન આ કામના પ્રતિવાદી નં–૧ નાએ બોગસ અને બનાવટી કુલમુખત્યારનામુ તા.૨૧/૧૨/૧૯૯૦ ના રોજનુ ઉભુ કરી આ કામના પ્રતિવાદી નં–૨ થી ૬ નાઓને દાવાવાળી જમીન રજી.વેચાણ દસ્તાવેજથી તા.૩૧/૦૩/૧૯૯૫ ના રોજ વેચાણ આપેલ છે. આમ સદરહુ વેચાણ દસ્તાવેજ નલ એન્ડ વોઈડ છે અને તેઓ વાદીઓને બંધનકર્તા નથી.

જેની સામે પ્રતિવાદીઓનો બચાવ છે કે ૧૯૯૦ માં ધર્મેન્દ્રસિંહે પ્રતિવાદી નં–૧ નાઓને દાવાવાળી જમીનની પુરતી રકમ રૂા.૩૬,૩૭૨/– મેળવીને તેની પહોંચ લખી આપેલ છે અને દાવાવાળી જમીનનુ કુલમુખત્યારનામુ કરી આપેલ છે અને તે સમયે દસ્તાવેજ ન કરી આપવાનુ મુખ્ય કારણ હતુ કે તેઓનો અનુક્રમ નં–૨૦૨૩/૮૯ થી નોંધાયેલ દસ્તાવેજ કલમ–૩૨(ક) ની કાર્યવાહીમાં ગયેલ અને તેઓના સગાને ભાગ આપવો પડે તેમ હોય તે માટે ધર્મેન્દ્રસિંહ દસ્તાવેજ કરી શકશે નહી તેઓએ પ્રતિવાદી નં–૧ નાને દાવાવાળી જમીનનુ કુલમુખત્યારનામુ કરી આપેલ છે. ત્યારબાદ ઉપરોકત દસ્તાવેજની ખુટતી સ્ટેમ્પ ડયુટી રૂા.૧ ૨૯૦/– તા.૧૯/૦૮/૯૩ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ પરંતુ દસ્તાવેજ લેવા જઈ શકેલ નહી. અનુક્રમ નં–૮૮૧/૯૫ થી નોંધાયેલ દસ્તાવેજ કરી આપતા સમયે આ પહોંચ આપીને જુનો દસ્તાવેજ ૩૨(ક) માંથી મેળવવાની પ્રતિવાદી નં–૨ થી ૬ નાઓને જાણ કરેલી હતી. પ્ર તિવાદીઓએ ખોટા દસ્તાવેજ બનાવેલ છે કે ઉભા કરેલ છે તેવા વાદીઓએ કોઈ પુરાવાઓ રજુ

કરેલ નથી. દાવાવાળી જમીન પર પ્રતિવાદી નં–ર થી ૬ નાઓનુ કારખાનુ ચાલે છે. પ્રતિવાદી નં–ર થી ૬ નાએ પ્રતિવાદી નં–૧ નાને પુરતો અવેજ આપી શુધ્ધબુધ્ધિથી ખરીદનાર છે કુલમુખત્યારનામુ તથા દસ્તાવેજ સાચો છે.

બંને પક્ષેની ઉપરોકત રજુઆત તથા રજુ દસ્તાવેજો ધ્યાને લેતા, આ કામના વાદીઓએ હાલના દાવામાં ૧૯૯૦ માં નોટરાઈઝડ થયેલ પાવર ઓફ એટર્ની, તથા ૧૯૯૫ માં રજીસ્ટર્ડ થયેલ છે વેચાણ દસ્તાવેજ ચેલેન્જ કરેલ છે અને સદરહુ વેચાણ દસ્તાવેજ એ બોગસ અને બનાવટી કુલમુખત્યારનામાના આધારે કરવામાં આવેલ હોવાનુ જણાવે છે પરંતુ આ હકીકતના સમર્થનમાં વાદીઓ તરફે હાલના તબકકે કોઈ જ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. હસ્તાક્ષર નિષ્ણાતનો અભિપ્રાય પણ મેળવી રજુ કરેલ નથી. જેની સામે પ્ર તિવાદીઓ તરફે આંક–૩૧ ના લીસ્ટથી નિ.૩૧/૧ થી ચુકતે અવેજની પહોંચ, નિ.૩૧/ર થી અનુક્રમ નં–ર૦ર૩/૮૯ થી નોંધાયેલ દસ્તાવેજની પ્રતિવાદી નં–૧ નાએ તા.૧૯/૦૮/૧૯૯૩ ના રોજ ભરેલ સ્ટેમ્પ ડયુટી તથા દંડની રકમની ચલણની નકલ તથા નિ.૩૧/૮ થી સ્ટેમ્પ પેપર ખરીદનારનુ સોગંદનામુ રજુ કરેલ છે. જે અંગે વાદીપક્ષે તેઓની દલીલોમાં મૌન રહેલા છે. વધુમાં જયારે નોટરાઈઝડ પાવર ઓફ એટર્ની હોય ત્યારે ભારતીય પુરાવા ધારાની કલમ–૮૫ મુજબ તે દસ્તાવેજ યોગ્ય રીતે થયેલ હોવાનુ અનુમાન કરવાનુ રહે છે.

વધુમાં વાદીઓ તરફે તા.૩૧/૦૩/૧૯૯૫ નારોજનો રજીસ્ટર્ડ થયેલ વેચાણ દસ્તાવેજ આશરે ર૪ વર્ષ પછી ચેલેન્જ કરવામાં આવેલ છે પરંતુ દસ્તાવેજ સમયે આ કામના વાદી નં–૧ કે જેઓની દાવાઅરજીના મથાળે બોલપેનથી ૬૮ વર્ષની ઉંમર દર્શાવેલ છે તેમજ પ્રતિવાદી નં–ર નાની ઉંમર પણ ૪ર વર્ષ દર્શાવેલ છે અને આમ તેઓ પણ પુખ્ત વયની ઉંમરના હોવાનુ માની શકાય તેમ છે. અને જેથી તેઓ બંનેને સદરહુ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની ડીમ્ડ નોટીસથી જાણ થયેલાનુ માની શકાય તેમ છે. વધુમાં આ કામના પ્રતિવાદીઓ તરફે આંક–૧ર ના લીસ્ટથી નિ.૧ ર/૧૮ થી દાવાવાળી જમીનમાં કોઈનો હક હીસ્સો લાભભાગ છે કે કે નહી તે માટે જાહેર નોટીસ તા.૧/૧ર/ર૦૧૧ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ તેના પેપરકટીંગની નકલ રજુ કરેલ છે જે ધ્યાને લેતા, વાદી નં–ર થી ૪ ના સદરહુ જાહેર નોટીસના સમયે પુખ્ત વયના હતા. તે તમામ હકીકતો છતા હાલનો દાવો વિલંબથી દાખલ કરવામાં આવેલ હોવાનુ સ્પષ્ટ જણાઈ

આવેલ છે.

**૧૦.** હવે આ કામે દાવાવાળી જમીન કે જે બિનખેતીની જમીન છે તેના કબજા અંગે જોવામાં આવે તો વાદીઓએ તેઓની મનાઈઅરજીના પેરા નં–૧૩ માં દાવાવાળી જમીનનો કબજો ભોગવટો તેઓ વાદીઓનો હોવાનુ જણાવે છે અને પેરા નં–૧૪(૨) માં તેઓનો દાવાવાળી જમીનમાંનો કબજામાં પ્રતિવાદીઓ પ્રવેશ કરે કરાવે નહી કે અડચણ–અંતરાય કરે કરાવે નહી તેવો મનાઈહુકમ માંગેલ છે પરંતુ તેઓના કબજા ભોગવટા બાબતે તેઓએ હાલના તબકકે કોઈ જ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી. ઉલ્ટાનુ પ્રતિવાદીઓ તરફે લેખિત જવાબમાં દાવાવાળી જમીનમાં તેઓનુ ૨૫ વર્ષથી કારખાનુ ચાલુ હોવાની હકીકત જણાવેલ છે અને તે હકીકતના સમર્થનમાં પ્રતિવાદીઓએ આંક–૧૨ ના લીસ્ટથી તેઓના કારખાનાનુ લાયસન્સ,ઉદ્યોગ નોંધણીનુ લાયસન્સ, કારખાનાના લાઈટ બિલ, કારખાનાની ચણતર મંજુરીની નકલ, રેવન્યુ તથા વેરા ભર્યાની પહોંચો રજુ રાખેલ છે. જે દસ્તાવેજો અંગે પણ વાદીઓ તેઓના કાઉન્ટર એફીડેવીટ અને દલીલોમાં મૌન રહેલ છે.

વધુમાં આ કામે પ્રતિવાદીઓ તરફે કોર્ટ કમિશ્નરશ્રીની નિમણુક કરવા સારૂ આંક–૧૪ થી અરજી રજુ કરવામાં આવતા તે હેઠળ કોર્ટ કમિશ્નરશ્રીની નિમણુક કરવામાં આવેલ જે અનુસંધાને કોર્ટ કમિશ્નરશ્રીએ દાવાવાળી જગ્યાનુ પંચનામુ કરી આંક–૨૭ ની પુરસીસથી પંચનામુ રજુ કરેલ છે જે વંચાણે લેતા પ્રતિવાદી નં–૬ સ્વરાજ ઈન્ડસ્ટ્રીઝ નામનુ કારખાનુ દાવાવાળી જગ્યા પર આવેલ હોવાનુ રેકર્ડ પર આવેલ છે. સદરહુ કોર્ટ કમિશ્નરશ્રીના રીપોર્ટ સામે વાદીઓ તરફે કોઈ વાંધા લેવામાં આવેલ નથી કે વાદીઓ તરફે તેઓની દલીલો માં પણ મૌન રહેલ છે. આમ દાવાવાળી જમીનનો કબજો ભોગવટો લાંબા સમયથી એટલેકે ૧૯૯૫ ની સાલથી પતિવાદી નં–૨ થી ૬ નો હોવાનુ ફલિત થાય છે અને આમ કબજા ભોગવટાની હકીકત અંગે વાદીઓ ચોખ્ખા હાથે આવેલ ન હોવાનુ સ્પષ્ટ જણાઈ આવે છે.

**૧૧.** આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીઓનુ દાવાવાળી જમીનમાં હીત હોવાનુ તથા તકરારી કુલમુખત્યારનામુ તથા તેના આધારે કરવામાં આવેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ખોટા અને બનાવટી હોવાનુ વાદીઓ પ્રથમદર્શનીય રીતે દર્શાવી શકેલ ન હોઈ તેમજ વાદીઓ દાવાવાળી જમીનના કબજેદાર હોય તેવુ હાલના તબકકે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ પરથી ફલિત થતુ ન

**હોય તેમજ તે બાબતે વાદીઓ ચોખ્ખા હાથે આવેલ ન હોય તેવુ પ્રથમદર્શનીય રીતે જણાઇ આવતુ હોય તેમજ ડીલે વિ. તમામ હકીકતો ધ્યાને લેતા વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ ન હોય, વાદીનો પ્રથમ દર્શનીય કેસ નથી અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેઓની તરફેણમાં છે, તેવું અને નાણામાં ન માપી શકાય તેવું નુકશાન તેઓને જાય તેમ છે, તેવું વાદી દર્શાવી શકેલ ન હોય, મુદ્દા નં. ૧, ૨ અને ૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે, અને મુદ્દા નં. ૪ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.**

**– :: હુકમ :: –**

**વાદીઓની આંક–૫ ની મનાઈ અરજી આથી નામંજુર કરવામાં આવે છે.**

**ખર્ચ દાવાનાં આખરી પરીણામને અનુસરશે.**

હુકમ આજ તારીખ : ૦૪ માંહે : જુન, સને : ૨૦૨૧ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સાંભળાવી જાહેર કર્યો.

તારીખ :–૦૪/૦૬/૨૦૨૧
સ્થળ :– કોટડા સાંગાણી.

**(ધવલકુમાર ચંદ્રકાન્ત ગોહીલ)**
પ્રિન્સિ.સિવિલ જજ, કોટડાસાંગાણી.
**U.I.C. No.GJ01240**